ગાંધીનગર સમાચાર

સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

જઈશ આજ કે કાલ, ભણકારા વાગ્યા કરે છે,
હોય ન ભરોસો છતાં જીવ સવારે જાગ્યા કરે છે!
માગ્યા કરે છે મન અનેક અપેક્ષા મોહ-માયાની -
હજુ બાકી, ભોગવવાં કર્મ એવું લાગ્યા કરે છે!

હાઈકુ

લેવા પડશે -
હસતાં કે રડતાં -
લખેલા શ્વાસ...

લાગે ઓછે પ્રભુ -
પણ, અવઢવમાં -
શોધે નિમિત્ત ?!

ચિંતન

અધેન્વા ચરતિ માયયૈષ વાચં શુશ્રુવાં અફલામપુષ્પામ્ ।

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

જેઓ સદાચરણનું પાલન નથી કરતા તેમને શિક્ષિત હોવા છતાં પણ તે લાભ નથી મળતો, જેમ કે જાદુથી બનાવેલી ગાય દૂધ નથી આપતી.

સાંસારિક સફળતાની વાતો ને જાણીને આપણે પોતાને ગમે તેટલા જ્ઞાની, ચતુર અને ચાલાક કહેવાડાવીએ છીએ, પરંતુ આપણે પોતાના જીવનના મૂળ ઉદ્દેશ્યને સમજીએ અને આપણા સ્વરુપ તથા કર્તવ્ય વિશે પણ જાણીએ તથા તેના પર ગંભીરતાથી વિચારીએ એ પણ ખૂબ જરૂરી છે. આપણે એ પણ વિચારવું જોઈએ કે હું કોણ છું? શું છું ? અને મારા જીવનની સાર્થકતા કઈરીતે સિદ્ધ કરી શકું ? આ આત્મબોધ જો ન થઈ શકે તો મનુષ્યનું શરીર મળવા છતાં પણ નર પશુ અને નરપિશાચ જેવું ઘૃણાસ્પદ જીવન જીવવું પડશે.

દરેક વિવેકવાન માણસે પોતાની વર્તમાન પરિસ્થિતિ પર વિચારો કરવો જોઈએ અને સર્જનહારની આકાંક્ષા પૂર્ણ કરવામાં જીવનને ઉપયોગ કરવો જોઈએ.

સુવિચાર

- સંગ દિલોં કી દુનિયા હે યે, હયાં સુનતા નહીં ફરિયાદ કોઈ,
  યહાં હંસતે હે લોગ ભી, જબ હોતા હે બદબાદ કોઈ - **કુમારપાળ દેસાઈ**
- સફળતા સુધી જતા રસ્તા સીધા નથી હોતા પણ સફળતા મળી ગયા
  પછી બધા રસ્તા સીધા થઈ જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ભૂતકાળની કડવી યાદો અને ભવિષ્યની નિરર્થક ચિંતાઓ...
  જો જો... જિંદગીની થાળીમાં વર્તમાનની મીઠાઈ ના ખાઈ જાય - **મૃગાંક શાહ**
- ધર્મથી દૂર કરાવડાવે એ કુસંગ - **આપ્તસૂત્ર**
- જો તારો અહંકાર નથી, તો તું મોક્ષમાં છે ને મોક્ષમાં નથી તો તું અહંકારમાં છે - **જીવન પાથેય**
- અભ્યાસ લખતાં અને વાંચતા શીખવે છે,
  જયારે અનુભવ અલ્પવિરામ અને પૂર્ણવિરામ મુકતા શીખવે છે - **વજુ કોટક**
- આજનું ઔષધ : એક દિવસ પાલકનો રસ. ગ્લાસ, એકદિવસ એમ ૩-૩ દિવસ સુધી કરવાથી માઈગ્રેન મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

લક્ષ્મીથી મુનિઓ સંતો પણ લોભાય. જંગલમાં એક નાની ઝૂંપડી બાંધીને એક સાધુ રહે. બાજુના ગામથી કોઈ આપી જાય તો ખાય. નહીં તો હરિ... હરિ... એક દિવસ એક માણસ દોડતો દોડતો આવ્યો અને ચાર સોના મહોર ફેંકીને ભાગી ગયો. સાધુએ સાચવીને પાણીની માટલીમાં મૂકી દીધી. એનો પીછો કરતા બે સિપાઈ આવ્યા અને પૂછ્યું, 'મહારાજ, હમણાં આ બાજુથી કોઈ ચોર ભાગ્યો છે. તમે જોયો ? એની પાસે ચાર સોના મહોરો હતી.' સાધુએ ના પાડી. સિપાઈ ચાલ્યા ગયા. બે ચાર દિવસ પછી ચોર અને એનો બીજો સાથી સાધુને મળવા આવ્યા અને કહ્યું, 'મહારાજ, તમે મારી રક્ષા કરી અને સોનામહોરો સાચવી એટલે આ બે સોના મહોરો હું આપને ઈનામ આપું છું.' સાધુ પીગળી ગયા. એક સોના મહોર વટાવી ઝૂંપડીમાં અનાજ ભર્યું, બે ચાર વાસણ લીધા. બે નવાં ધોતિયા લીધા. એકાદ મહિલા પછી પેલો ચોર ફરી મળવા આવ્યો ત્યારે સાધુએ કહ્યું, 'ભાઈ, તું કહીશ ત્યારે મદદ કરીશ પણ, મારો અડધો ભાગ જરૂર રાખજે.'

ચોર અને એનો સાથીદાર મળીને નીકળ્યા ત્યારે પહેરા ચોરે બીજા સાથીદાર ચોરને કહ્યું, 'હું કહેતો હતો ને કે જર દેખી મુનિવર ચળે.... એ આજે સાબિત થયું છે.'

સાધુની નિયત બદલાઈ તે જોઈને બે ચોર હસતાં હસતાં નવા શિકારે નિકળ્યા.

સત્તા સામે શાણપણ અને સગપણ નકામું

તંત્રીસ્થાનેથી...

કોંગ્રેસ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં સત્તાની નજીક પહોંચી ગઈ હતી અને જો શંકરસિંહ વાઘેલા જેવા મહત્ત્વાકાંક્ષી નેતાને સાચવી શકી હોત તો કદાચ જુદું જ ચિત્ર સરજાયું હોત પરંતુ ધૂમકેતુની વિખ્યાત વાર્તા 'વિનિપાત' ના સોમેશ્વર પંડિત કહે છે તેમ, જયારે 'પડે છે ત્યારે સઘળું પડે છે.' કોંગ્રેસ માટે આ વર્ષો એવા શતમુક વિનિપાતનાં છે. ૨૦૧૭ની રાજયસભાની ચૂંટણી ટાણે ભાજપના ધારાસભ્યો અકબંધ રહ્યા હતા, કોંગ્રેસના કાંગરા ખરી પડ્યા હતા, છતાં યેનકેન પ્રકારેણ કોંગ્રેસના વરિષ્ઠ નેતા પાંચમી ટર્મ માટે રાજયસભામાં પહોંચાડવામાં સફળ થઈ શક્યા હતા અને પક્ષ છોડીને ભાજપનો કેસરિયો ખેસ પહેરનારા કોંગ્રેસના દંડક બળવંતસિંહ રાજપૂત હારી ગાય હતા. હોઈ શકે, એમાં ચૂંટણીપંચની ચસમપોશી અને વડાપ્રધાન મોદી સાથેની અહમદ પટેલની લાંબા સમયની જુગલબંધી પણ કારણભૂત હોઈ શકે. આ વખતે પણ ભાજપ એની જૂની ટેવ મુજબ કોંગ્રેસના આઠ ધારાસભ્યોને વિધાનસભામાંથી રાજીનામું આપવા રાજી કરી દીધા અને જે ગણિત મંડાયું એમાં એના ત્રીજા ઉમેદવાર, મૂળે કોંગ્રેસ છોડીને ભાજપમાં ભળી ગયેલા પાટીદાર નેતા નરહરિ અમીન માટે રાજયસભા પ્રવેશ સુનિશ્ચિત બની ગયો હતો. જો આઠ ધારાસભ્યો ન તૂટ્યા હોત તો કોંગ્રેસના બંને ઉમેદવારો આસાનીથી જીતી શક્યા હોત અને ગઈ ચૂંટણીમાં બળવંતસિંહ રાજપૂતની થઈ હતી એવી દુર્દશા આ ચૂંટણીમાં ભાજપના ત્રીજા ઉમેદવાર નરહરિ અમીનની થઈ હોત. ઘટતાં ઘટતાં કોંગ્રેસ પાસે ૬૫ ધારાસભ્યો બચ્યા હતા, જેમને સાચવવા માટે રાજકોટથી લઈ જયપુર સુધીના રિસોર્ટ અને છેલ્લે ઍરપોર્ટ નજીકની પંચતારક હોટલમાં બાઈ બાઈ ચારણી જેવા ખેલ કરવા પડ્યા હતા. કોંગ્રેસ એના પાંસઠ ધારાસભ્યોના એકડામાં વિપક્ષ જિજ્ઞેશ મેવાણીનો અને છોટુ વસાવા - મહેશ વસાવાની બાપ દીકરાની જોડીના બે એકડા ઉપરાંત એનસીપીના ધારાસભ્ય કાંધલ જાડેજાનો મત મેળવવાની આશા રાખતી હતી. તદુપરાંત માતરમાંથી ચૂંટાયેલા ભાજપના ક્ષત્રિય ધારાસભ્ય કેસરીસિંહ સાથે પણ છાનગપતિયાં ચાલ્યાં હોવાનું બહાર આવ્યું છે. ભારતીય જનતા પાર્ટીની નેતાગીરીએ કોંગ્રેસની તમામ ચાલ ઊંધી વાળી દઈ એનસીપીના ધારાસભ્ય કાંધલ જાડેજાને વ્હીપ મળ્યો હોવા છતાં પોતાની પાંખમાં લઈ લીધા અને આદિવાસીઓના પ્રશ્ને બે ધારાસભ્યો મતદાનથી અળગા રહે એવી જડબેસલાક 'વ્યવસ્થા' ગોઠવી દીધી. આ બેઉ મતો ૨૦૧૭માં અહમદ પટેલને મળેલા. ભાજપમાંથી એક ધારાસભ્યનું ક્રોસવોટિંગ કરાવવાની કોંગ્રેસની ગણતરી પણ ઊંધી વળી. કેસરીસિંહનો કબજો મેળવી લઈ તેઓ નાદુરસ્ત છે એવા બહાના હેઠળ પ્રોક્સી વોટિંગ ભાજપના અગ્રણી શંકર ચૌધરીએ કર્યું. આમ, કોંગ્રેસની બીજી બેઠક જીતવાની આશા ધૂળમાં મળી અને ભાજપના ત્રણ ઉમેદવારો ઉપરાંત કોંગ્રેસના પ્રથમ ક્રમના ઉમેદવાર શક્તિસિંહ ગોહિલ વિજયી જાહેરા થયા. કોંગ્રેસે ઉઠાવેલા બે વાંધા - કેસરસિંહના પ્રોક્સી વોટિંગ ઉપરાંત ભૂપેન્દ્રસિંહના ગુજરાત હાઈકોર્ટે રદ કરેલ સભ્યપદ જેવા મુદ્દા માત્રા ગણતરીમાં વિલંબ કરાવી શક્યા એટલું જ. આખરે ચૂંટણીપંચ આગળ પણ કોંગ્રેસનું કેટલું ઊપજે ? સત્તા આગળ શાણપણ નકામું છે એમ ભરતસિંહ સોલંકીએ ગોઠેવલી કહેવાતી બાજી મુજબ ક્ષત્રિયવાદનું સગપણ પણ નકામું ઠર્યું છે. ભરતસિંહ પાસે 'ખામ' થિયરીના જનક પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનો ક્ષત્રિયવાદનો જ નહીં પણ પાર્ટીની વફાદારીનો પણ વારસો છે. એથી કેટલાંક વર્તુળોમાં કોંગ્રેસની અંદરોઅંદર ફાટફૂટ સર્જીને ભરતસિંહ સોલંકી જીતી જશે અને શક્તિસિંહને પાર્ટીએ પ્રથમ ઉમેદવાર જાહેર કર્યા હોવા છતાં હારી શકે છે - એવી રાજકીય પંડિતોની ધારણા પણ ધૂળમાં મળી છે. કોંગ્રેસના ૬૫ ધારાસભ્યો એકબંધ રહ્યા એ પણ તૂટતી પાર્ટી માટે આશ્વાસનરુપ બાબત જ ગણાય.

જમ ખોરડું ભાળી ન જાય તે જોવું રહ્યું !



આરપાર
રાઘવજી માધડ

મથુરાના મારગે રાધાજી અને શ્રીકૃષ્ણ વચ્ચે સંવાદ થાય છે. તેમાં શ્રીકૃષ્ણ પૂછે છે:'રાધાજી, આપને કાંઈ કહેવું,પૂછવું નથી !?'ત્યારે મોં પર હાસ્ય રેલાવી જવાબમાં રાધાજી કહે છે:'હે કેશવ,હું જે કાંઈ કહેવા માગું છું તે આપનાથી અજાણ્યું નથી ને આપનું કહેવું મારાંથી અજાણ્યું નથી..!'પછી મૂક સંવાદનો પ્રાસાદ આરોગી રાધા-કૃષ્ણ આંખોથી અળગાં થાય છે. અહીં પણ શબ્દસંગાથે,જે સંવાદ થવા,સર્જાવા જઈ રહ્યો છે... તેનાથી લગભગ કોઈ અજાણ નથી. કારણકે આ મહામારી વચ્ચે એજ્યુકેશન ઓનવે,ઓનલાઈન છે !

સમયસર વરસાદ ન આવે અને લોકોનાં જીવ અદ્ધર થઈ જાય એવું સ્કૂલ માટે થયું છે.સ્કૂલો કયારે ખૂલશે તે કહેવાય ને વાલીઓથી સહેવાય એવું નથી.લાંબો સમય સ્કૂલ બંધ હોય અને સંતાન સતત ઘરે રહ્યું હોય એવું ક્યારેય બન્યું નથી.તેથી આ બધું પચાવવું, સ્વીકારવું અને નિભાવવું અઘરું થઈ પડ્યું છે.

એક સ્વજનને તેમનાં સંતાન વિશે પૂછ્યું તો કહે:'ડે સ્કૂલમાં જાય છે.બધું એક સાથે,સવારથી સાંજ સુધી ત્યાં રહે,અમારે કોઈ ચિંતા નહીં!'પતિએ સૂર પુરાવ્યો:'કામ-ધંધામાંથી સમય મળતો નથી શું કરીએ !'પછી આગળ બોલવામાં અટકી ને છટકી ગયાં:મોં માગી ફી લઈ લ્યો પણ અમને ત્રસ્ત કર્યા વગર,બાળકોને વ્યસ્ત રાખો ! આવી તકલાદી,તકવાદી માનસિકતા વચ્ચે સંતાનો સતત ઘરે રહે તે કોને ગમે ! સેરોગેટ મધર જેમ,જન્મ્યાં પછી બાળકને ઉછેરી,મોટો કરી દેવાનો ધીકતો ધંધો શરુ થાયતો નવાઈ પામવા જેવું નહીં હોય.લાગે છે મુકામે પહોંચતા પૂર્વેની મંઝીલની જે મઝા છે તે ભૂલાતી ને ભૂંસાતી જાય છે.કોઈ વાલી કહે,અમારાં સંતાનને એક દિ'સાચવી તો જુઓ,ખબર પડે..!પણ ખરી મઝા જ વાત્સલ્યનું ઝરણું વહેડાવવાની અને તેનાંમય થવાની છે. અને યાદ રાખવા જેવું છે- સ્કૂલ એ સંતાનને સાચવવાનું ઠેકાણું નથી.

એક શિક્ષિકાએ વાલીને, ઓનલાઈન એજ્યુકેશન માટે ફોન કર્યો...ને વાલીએ જે કહ્યું તે કાનમાં કીડા પડે ને ખરે એવું હતું.નેટ,વીજળી, સ્માર્ટફોન,ઘરનું વાતાવરણ...આવા અનેક પ્રશ્નો ગામડામાં છે. ગ્રામીણ વસતી, જરાય સસ્તી નથી.કોઈ હાથે કરી હલાલ થયાં હોય એવાં ગણ્યાગાંઠ્યા વાલીની ફીનાં મુદ્દે કાગારોળ કરવાના બદલે, છેવાડાના સમૂહની ચિંતા અગ્ર ને કેન્દ્રસ્થાને હોવી ને રહેવી જોઈએ.એ બાળકો અગવડ વચ્ચે ઓનલાઈન એજ્યુકેશન પામી શકશે ખરાં !? આ વિદ્વાનોની વસુંધરા છે. તંત્ર કોઈને પૂછે, સલાહ લે...અને ઘરેબેઠાં ભણવાનાં અન્ય કીમિયાઓ વિશે જાણે અને પછી અજમાવે.

હાલ તો થીયરી અને પ્રેક્ટીકલ વચ્ચેનો ભેદ ભૂલાવા ને ભૂંસાવા લાગ્યો હોય એવું છે. કોઈ ટેકનિકલ એન્જિનીયરને સરખું પાનું પકડતાં કે ઘરમાં લાઈટનો ફ્યૂઝ બાંધતા ન આવડે...તેની વચ્ચે આ ઓન લાઈનનો જબરદસ્ત સળવળીયો ઉપડ્યો છે.સંજોગો પ્રમાણે ઠીક છે,વિદ્યાર્થીઓ એંગેજ રહે ને વાલીને ધરપત થાય, સંતાન ભણે છે ! પણ મુદ્દો ગંભીર અને પ્રવાહીને પડીકે બાંધવા જેવો છે...હાલ ઓનલાઈન વગર ચાલે એવું નથી અને તેના સાથે પોસાય એવું પણ નથી. ફાયદા કરતાં, લાંબા ગાળાના ગેરફાયદા પણ ઓછા નથી.બાળક સેલફોનનો બંધાણી થયા પછી,તેમાંથી મુક્ત કરવાની મહામારી ઘણાં વાલી ભોગવી રહ્યાં છે...હા,તંત્ર ચિંતિત છે.ઘણી ચેનલ શરુ કરી છે પણ તેમાં પ્રગટ થતાં કન્ટેન્ટની ક્વોલિટી વિશે પણ વિચારવા જેવું છે.સારું,ખરાબ જે થવું હોય તે થાય પણ જમ ખોરડું ભાળી ન જાય તે જોવું રહ્યું...!

છેલ્લે :

જિંદગીમાં સમય સૌથી મોટો ગુરુ છે. સમય જે શીખવાડે તે ગુરુ સમજાવી કે શીખવાડી શકતા નથી.

http://raghavjimadhad.blogspot.com

સંત, સમાજ, સહિષ્ણુતા અને સોશિયલ મીડિયા

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

પૂજ્ય મોરારીબાપુને ટારગેટ બનાવીને છેલ્લાં કેટલાંક સમયથી કોઈ ને કોઈ બહાને બદનામ કરવાના પ્રયાસો સોશિયલ મીડિયા ઉપર થઈ રહ્યા છે. પરંતુ ગઈ કાલે તો આ પ્રયાસો હિંસક રૂપે સામે આવ્યા ત્યારે સમજાયું કે આ પ્રયાસોએ કેટલું ગંભીરરૂપ ધારણ કરી લીધુંછે. જે જે લોકો અત્યારે બાપુની ટીકા કે સમીક્ષા કરી રહ્યા છે તેમના જન્મ પહેલાથી બાપુ રામકથા કરે છે. (૬૦ વર્ષથી) આવી તમામ વ્યક્તિઓએ પહેલા પોતાની જાતને પ્રશ્ન પૂછવો જોઈએ કે શું પોતે બાપુની ટીકા કે સમીક્ષા કરવાની યોગ્યતા ધરાવે છે ખરા ? આપણી સમજદારી, આપણો અભ્યાસ, ધર્મ અને શાસ્ત્રોનું જ્ઞાન, વાંચન, કેટલી સમૃદ્ધિ છે આપણી પાસે ? જે ધર્મની વ્યાખ્યા આપણે કરીએ કે સમજીએ છીએ તેની સાથે તો આપણા ઘરના યે સહમત નથી હોતા તો આખો સમાજ કે સૃષ્ટિ તો ક્યાંથી હોય ? અને આપણે જોયા જાણ્યા વિના, કશા સંદર્ભો વિના કોઈએ દ્વેષભાવ રાખીને એડિટિંગ કરી બનાવેલા વીડિઓ જોઈને સીધા કૂદી પડીએ છીએ અને સોશિયલ મીડિયા ઉપર આપણા સંસ્કારોને બધાની સામે વ્યક્ત કરી દઈએ છીએ. શું આ યોગ્ય છે ? આવી વાત આવે ત્યારે એકાદ વાર તો કોઈ જાણકારને, વિદ્વાનને કે યોગ્ય વ્યક્તિની સલાહ લઈને કંઈક અભિપ્રાય ટાંકીએ તો એની કિંમત પણ થાય. બાકી આજકાલ સોશિયલ મીડિયા ઉપર એવા પણ વાયરસો (વ્યક્તિઓ) છે કે જેઓને આજુબાજુના પાંચ પચીસ લોકો પણ નથી ઓળખતા હોતા એવા વાયરસો બાપુ વિશે અભદ્ર શબ્દો વાપરીને ભાષાને પણ ગંદી કરે છે. જેમને કરોડો લોકો ચાહે છે, પૂજે છે, સન્માન આપે છે, જેમણે લાખો લોકોને રામનામ લેતા કર્યા છે, જેમણે કરોડો લોકોને વ્યસન મૂક્ત કર્યા છે, આવા કરોડો લોકોના જીવન બદલી નાખે એવા કાર્યોની યાદી કરીએ તો દસ પાના ભરાય એવા પૂજ્ય બાપુને ઉપદેશ દેવાવાળા આપણે કોણ ? જેમને સંત, સમાજ, ધર્મ, શાસ્ત્ર કે શબ્દનું પણ સાચું જ્ઞાન નથી એવા લોકો બાપુ વિશે ટીકા ટિપ્પણી કરીને વિકૃત માનસિક આનંદ લેતા હોય છે.

એક વાતની એ પણ ચોખવટ કરું કે બાપુએ અત્યાર સુધીમાં લગભગ એંસી દેશોમાં થઈને આઠ સોથી વધારે રામકથાઓ કરી છે, અને મેં માત્ર એક ઉત્તરકાશીની રામકથા આખી ધ્યાનથી સાંભળી છે. મને એટલું ચોક્કસ સમજાયું અને અનુભવાયું છે કે બાપુ વ્યાસપીઠ ઉપર એકદમ નાના બાળક બનીને રામનામમાં મસ્ત બની ઉપસ્થિત સૌ કોઈને પોતાની વાણી, વિચાર અને જ્ઞાનથી જલસા કરાવે છે, એમના કોઈ વિચારોમાં કે વાણીમાં કે જ્ઞાનમાં ક્યારેય કોઈના પ્રત્યે દ્વેષભાવ કે ભેદભાવ હોતો નથી કેમ કે બાપુ માત્ર અને માત્ર સદભાવના માણસ છે. એમને સંઘર્ષ નહી સંવાદ ગમે છે, અને એટલે જ જ્યારે જ્યારે એમના બોલવાથી કોઈ પણ વ્યક્તિ કે સમાજ કે સંપ્રદાયનું દિલ દૂભાયું છે ત્યારે બાપુએ તરત જ મહાનતાનો કે સંતપણાનો અહમ કે વહેમ રાખ્યા વિના જાહેરમાં માફી માંગીને વિવાદને સંવાદમાં બદલવાનો પ્રયાસ કર્યો જ છે.

હિંદુ ધર્મને લઈને હમણાથી એમના નામે ખૂબ વિવાદો ઊભા કરીને બદનામ કરવાના વ્યવસ્થિત કાવત્રાઓ થઈ રહ્યા છે, જેની પાછળ ધર્મનીતિ છે કે રાજનીતિ એ તો કરનારા જાણે. પણ ધર્મની સંકૂચિત વ્યાખ્યા લઈને જીવતા આપણે જ ક્યારેક આપણા હિંદુ ધર્મને હાનિ પહોંચાડીએ છીએ. અને એ પણ સત્ય છે કે આ હિંદની ધરતી છે.. અહીં વસનાર પ્રત્યેક નાગરિક હિંદુ છે. અને હિંદુત્વ એક વિશાળ પવિત્ર ભાવના છે જેમાં સર્વનું કલ્યાણ સમાહિત છે. અને બાપુ સર્વે ભવન્તુ સુખેનમાં માને છે. પ્રાણી માત્ર પ્રત્યે એમના મનમાં કરૂણા, મનુષ્ય માત્ર પ્રત્યે એમના મનમાં પ્રેમ અને સર્વ ધર્મ પ્રત્યે એમના મનમાં સદભાવ છે તો ક્યારેક તેઓ વ્યાસપીઠ પરથી અલ્લાહને યાદ કરે તો શું થયું ? અજમેરની પવિત્ર દરગાહમાં મુસ્લિમો કરતા હિંદુઓ વધારે આસ્થા ધરાવે છે અને ત્યાં જાય છે. અને એવા પણ અનેક ઉદાહરણો અહીંયા જ છે કે ઘણા મંદિરોની પૂજા અર્ચના મુસ્લિમ પરિવારો કરે છે. પરંતુ આપણા ભારતની એ કરૂણતા છે કે હિંદુ - મુસ્લિમ ભાવના રાજનીતિનો એક ભાગ બની ગઈ છે. અને હવે તેમાં ધર્મનીતિ ભળી રહી છે. ધર્મ એ દરેકની વ્યક્તિગત બાબત છે. આમ છતાંય બાપુએ હિંદુ ધર્મને આખા વિશ્વમાં પ્રસાર્યો છે, એનું ગૌરવગાન કર્યું છે. એમની કથામાં રામનામ સાથે માનવકથાના મૂલ્યો સ્થાપિત થાય છે. જેને કારણે આજની યુવા પેઢી પણ એમની કથા સાંભળવા આવે છે. કેમ કે બાપુ કોઈને બંધનમાં નથી રાખતા, મૂક્ત રાખે છે.

બાપુ શ્રી કૃષ્ણ વિશે જે બોલ્યા તેના શબ્દોનું જ સૌએ અર્થઘટન કરીને વિવાદને ઊભો કર્યો છે. બાકી કૃષ્ણની કથા સૌ કોઈ જાણે છે, દરેક કૃષ્ણ કથામાં યાદવકૂળનો વિનાશ અને સંહારની ઘટનાઓથી સૌ વાકેફ છીએ. કૃષ્ણએ ધાર્યુ હોત તો આંખના એક પલકારામાં બધું સરખું પણ કરી શક્યા હોત અને સર્વનો અંત પણ લાવી શક્યા હોત, પણ એમનો માનવ અવતાર હતો, એ પણ આપણી જેમ નિયત્તિ લઈને, માનવીય પીડા લઈને જન્મ્યા હતા. તેઓની અંત સમયની એ નિષ્ફળતા એ જ ધર્મની સ્થાપના અને નવા યુગના નિર્માણની સફળતા બને છે. અને બાપુના આ શબ્દોનો વિરોધ કરવાવાળા અને હુમલાનો પ્રયાસ કરવાવાળા પોતે કેટલો ધર્મ પાળે છે. સત્યને રસ્તે ચાલે છે ? એ પણ વિચારવું જોઈએ.

બાપુની એ નમ્રતા છે કે છતાંય તેઓ સામે ચાલીને છેક દ્વારિકા માફી માગવા ગયા. એક સંત જ્યારે સમાજ સામે ક્ષમા માગવા મજબૂર બને છે ત્યારે કોરોના જેવા વાયરસ ના આવે તો બીજું શું આવે ? ભૂકંપો આવે, સૂનામીઓ આવે... અને સંતો ઉપર હૂમલો કરે એવી વ્યક્તિઓ આજે પ્રજાના પ્રતિનિધિઓ બનીને બેઠા છે એ પ્રજાની અને પક્ષની પણ કરૂણતા છે. બાપુ ઉપર હુમલાનો પ્રયાસ કરીને હિંદુત્વની લાગણી જીતવાનો આ કીમિયો એમને ભારે પડવાનો છે. કેમ કે તેઓ એક નાના એવા વિસ્તારના જ પ્રતિનિધિ છે જ્યારે બાપુ સમગ્ર વિશ્વની માનવજાતના પ્રતિનિધિ છે. તેઓને ધર્મને નામે મત નથી મેળવવાના તેઓ તો ધર્મને બહાને, રામને નામે લોકોમાં પ્રેમ વહેંચે છે, કરુણા વહેંચે છે. આનંદ વહેંચે છે. જેને મૂલવવાનું કે સમજવાનું આપણું ગજું નથી. આપણને તો એમનામાં ક્યાંક ને ક્યાંક વિવાદ જ દેખાય છે. પણ એમણે પ્રગટાવેલા સદભાવનાના, સંવેદનાના અને સત્યના લાખો દીવડાઓ ક્યારેય નથી દેખાતા. બાપુને અસ્મિતા પર્વો બંધ કરવા પડે, જાહેર કાર્યક્રમોમાં જવાનું બંધ કરવું પડે, સાવ ખોટા તથ્યહીન આક્ષેપો સાંભળી એક સંતને સમાધી લેવાનું વિચારવું પડે એ એમની નહી આપણી, સમાજની કરૂણતા છે. સામાજિક વ્યવસ્થાની નિષ્ફળતા છે. બાકી એમની કથાઓના કાફલાની ટીકા ને સમીક્ષા કરતા સૌ એક વાર એવો પણ વિચાર કરી જો જો કે કોઈ તમારા હાથમાં પાંચ કરોડ રૂપિયા મૂકે અને તમે એને લોકકલ્યાણમાં તરત જ વાપરી નાખો ખરા ? બાપુ કથાનો એક રૂપિયો લેતા નથી, બસ કથાના યજમાનના રૂપિયાને સદમાર્ગે વાપરે છે, સંગીત, સાહિત્ય, નૃત્ય જેવી કલાઓને સન્માને છે, દેશ વિદેશમાં સાથે લઈ જાય છે અને આ કલાઓને પોતે માણીને તૃપ્ત થાય છે. આ છે એમની રામકથાનો પુરસ્કાર, લાખો ગરીબ લોકોને ભોજન કરાવે છે, અને આપણી નકારાત્મક વિચારધારાને કારણે આપણે કશુંય જોયા જાણ્યા વિના જ સોશિયલ મીડિયા ઉપર વહાવ્યે રાખીએ છીએ. બાપુનો એક વૈશ્વિક ઓરા છે. સકારાત્મક ઊર્જાથી ભરપુર છે. એમના વ્યક્તિત્વને પામવું એ ભક્તિ નહી માનવતા છે. ધર્મ છે, સમજણ છે. સકારાત્મકતા છે. એમની પાસે રામનામની સમૃદ્ધિ છે, તેઓએ કોઈ સંપ્રદાય નથી સ્થાપ્યો કે નથી કોઈ શિષ્યો ઊભા કર્યા. કે નથી ક્યાંય મોટામોટા આશ્રમો કે મંદિરો સ્થાપ્યા. નથી તેઓ ક્યાંય કોઈની સાથે સ્પર્ધામાં. તેઓ તો માત્ર જીવનનો નૈસર્ગિક આનંદ લે છે અને બને એટલા લોકોને વહેંચે છે.

બાપુ ઉપર કાલે થયેલ હૂમલાનો પ્રયાસ અત્યંત નિંદનીય છે. ઘણી વખત આપણી ક્રિયા પ્રતિક્રિયાઓથી પણ આવી ઘટનાઓ બનતી હોય છે માટે હવેથી કોઈપણ સાધુ કે સંતની ટીકા ટિપ્પણી કરતા પહેલા અનેક વાર વિચાર કરીશુ. કેમ કે આખરે તો આપણા શબ્દો એ આપણા સંસ્કારનું પ્રતીક છે અને આપણા પરિવારનું ગૌરવ આપણા શબ્દો થકી જ વધે છે કે ઘટે છે. તો આવો આજે પ્રતિજ્ઞા લઈએ કે શબ્દોથી ક્યારેય કોઈને જીવનમાં કે સોશિયલ મીડિયા ઉપર ઠેસ નહી પહોંચાડીએ. કોઈનો આત્મા નહી દૂભવીએ. અસ્તુ.

- 9426060601.india@gmail.com

ડિપ્રેશન : હસરતો કો કહો, હદ મે રહે...!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

'ડિપ્રેશન કો ડિપ્રેશન દે દો... હસરતો કો કહો, હદ મે રહે '... હિમેન અને કરોડો લોકોના દિલ પર રાજ કરનાર ધર્મેન્દ્રએ શુશાંતસિંહ રાજપૂતના અકાળ મૃત્યુ પર પોતાના ફાર્મહાઉસ પરથી આ સંદેશો સોશિયલ મીડિયા પર શેર કરેલો. શુશાંતના અપમૃત્યુ પર ઉઠેલા અનેકો વિવાદો અને કારણોમાંનું એક કારણ ડિપ્રેશન ગણાવાયેલુ એવામાં ધરમપાજીના આ ચંદ શબ્દો ડિપ્રેશનને કેમ મ્હાત આપી શકાય એની સરળ ભાષામાં સચોટ દવા આપી જાય છે. 'હસરતો કો કહો કી હદ મે રહે'... કેટલું સચોટ અવલોકન અને કેટલી સચોટ વાત કરી ડિપ્રેશન પર ! શુશાંતના મૃત્યુ પર ઘણું લખાયું....ઘણું બોલાયું અને ઘણું ચર્ચાયું પણ હકીકત એ છે કે ફિલ્મી કે ગેરફિલ્મી દુનિયામાં એના અવસાન પર ચાલતી અનેકો ચર્ચાઓ વચ્ચે એક વાત શીખવી જ રહી કે 'ડિપ્રેશનને કેમ ડિપ્રેસ કરવું ?'

ફિલ્મી કલાકારો પણ અંતે તો સામાન્ય માનવી જ છે એની વધુ એક સાબિતી શુશાંતના અવસાને આપી દીધી. ફિલ્મી પરદે હિરોગીરી કરતાં કે શુશાંતની જ આ લખનાર ને ગમતી ફિલ્મ 'છીછોરે' માં શુશાંત એના આપઘાતની કોશીષને લીધે બિછાને પડેલા પુત્રને સફળતા-નિષ્ફળતાની જે પણ ડાહી વાતો કરતો દેખાયેલો (ઓફકોર્સ પાત્ર તરીકે જ) એનાથી વિપરીત જ એણે પોતાના જીવનના અંત બાબતે કર્યું. અનુપમ ખેરે બરાબર જ પુછ્યું ' આખિર ક્યો ? '. મને ને તમને મારી ને તમારી આસપાસ બનતી આવી ઘટનાઓ વખતે બિલકુલ આ જ સવાલ ઉદભવે છે કે ' અંતે કેમ લોકો આવું પગલું ભરે છે ?' જ્યારે કે હું ને તમે બધા બરાબર જાણીએ છીએ કે બધુ આપણે ધારીએ એમ નથી થતું હોતું કે બધુ થવું એ આપણાં બસની વાત છે પણ નહીં. અઘરું એ છે કે આવું જાણતા હોવા છતાં પણ શુશાંત જેવા અનેકો દાખલાઓ બન્યા જ કરે છે. ધરમજીના જ શબ્દોને વધુ મમળાવીએ તો ઈચ્છાઓ ને કાબુમાં રાખતા શીખો તો ડિપ્રેસ થવાની શક્યતાઓ ઓછી રહેવાની.

શુશાંતના કેસમાં તો ડિપ્રેસ થવાના કારણો એકથી વધુ હતા જ. મોટા પ્રોજેકટો હાથમાથી નીકળી જવા, છ વર્ષથી જેની સાથે પ્રેમસંબંધ હતો તે તૂટી જવો થી લઈને 'કુછ કર દિખાના હૈ' વાળો એટીટ્યુડ સાકાર થતો ના દેખાયો એનું દર્દ, ઈન્ડસ્ટ્રીના લોકોનો વ્યવહાર... આવા કારણોની સાથે સાથે ધીરે ધીરે વધતી જતી એકલતા પણ આના કારણો હતા જ. ઈન્સાન જ્યારે ધારેલું મેળવવાની કગાર પર હોય અને એ કામિયાબ ના થાય તો સ્વાભાવિક ડિપ્રેસ થઈ જ જવાનો અને એનાથી વધુ મોટો ધક્કો એને ત્યારે લાગે જ્યારે એને ખબર પડે કે આ નાકામિયાબી એની પોતાની કાબેલિયત કે અણઆવડતને બદલે કોઈના કૂ-કર્મોનું ફળ છે ત્યારે એ ગુસ્સો - ખીજ - વલવલાટ ડિપ્રેશનનું રૂપ ધારણ કરી લેવાનું અને જ્યારે એ વસ્તુ બેવડાતી જાય કે વારંવાર બનતી જાય ત્યારે ડિપ્રેશન વધુને વધુ ઘૂંટાવાનું. ડિપ્રેશનના અનેકો કારણો હોય શકે છે પણ મુખ્ય કારણ તો આ લખ્યું એ તો ખરું જ. લોકો કહે છે કે ' અરે કોઈને વાત તો કરવી હતી... કઈક સોલ્યુશન નીકળી આવત ' પણ મોટાભાગના કેસમાં ભલે ખૂલીને નહીં તો પણ અછડ્તો ઈશારો કે મોભમ વાત તો ભોગ બનનારે કોઈ ને કોઈ ને તો કરી જ હોય છે. શુશાંતના કેસમાં તો એની બહેને જ કબૂલ્યું કે હી વોઝ અંડર ડિપ્રેશન, મિન્સ કે એની બહેન જાણતી જ હતી કે ભાઈ ડિપ્રેશનમાં છે.

મોટાભાગે અપેક્ષાઓ પછી એ પોતાની હોય કે નજીકના લોકોની કે જ્યાં કામ કરતાં હોય ત્યાની કે પછી પ્રોફેશનલ કે પર્સનલ લેવલે વિચારેલી - પૂરી કરવા ધારેલી અપેક્ષાઓ વેરવિખેર થતી દેખાય - પૂરી થઈ જ નહીં શકે એવું અનુભવાય ત્યારે મોટાભાગે ઈન્સાન ડિપ્રેસ થઈ જાય છે. ડોક્ટરો તો આના ત્રણ પ્રકાર ગણાવે છે. માઈલ્ડ ડિપ્રેશન કે જેમાં હૃદયભંગ જેવા કારણો સામે છે પણ આ પિરિયેડ થોડા દિવસો કે કલાકો ચાલી શકે છે. મૉડરેટ ડિપ્રેશન થોડા વધુ દિવસો ચાલી શકે છે કે જેમાં ભૂખ ના લાગવી કે વધુ ઊંઘ આવવી શામેલ છે અને મેજર ડિપ્રેશનમાં વધુને વધુ એકલતા, જીંદગીનો મોહત્યાગ જેવા લક્ષણો કે જે અંતે ઘણીવાર આપઘાત તરફ દોરી જાય છે. ત્રણેય તબક્કામાં ડોક્ટરો તો કાઉન્સેલિંગ અને દવા જેવી સલાહો આપે જ છે પણ હકીકત એ છે કે એ કાયમી ઉકેલ નથી જ અને કાયમી સોલ્યુશન તો ઈન્સાને પોતે જ શોધવું પડે છે અને એના માટે ફરી એકવાર લેખની શરૂઆતમાં લખેલા ધરમપાજીના શબ્દો પર ગોર ફરમાઈએગા! યાદ રહે ધરમજી પણ શોહરતની ટોચીકૅપર પહોંચીને અત્યારે ફાર્મ પર એકલા જ જીવન ગુજારે છે અને એમના ઈનસ્ટા વિડીયો ચેક કરો તો સમજાય કે ડિપ્રેશન કેમ એમનાથી જોજનો દૂર છે.

અપેક્ષાઓ અને એની નિષ્ફળતાઓ ડિપ્રેશનના મેજર કારણો તો છે જ. પરીક્ષા, કેરિયર, ભવિષ્ય અને સામાજિક કે રિલેશનશિપમાં નિષ્ફળતા કે એનો ડર ડિપ્રેશ થવાના એ પગથીયાઓ છે કે જે અંતે આપઘાત તરફ દોરી જાય છે. મેડિકલ સાયન્સ નોંધે છે ઘણા તબક્કામાં હું ને તમે 'હેલ્પલેસ' ફિલ કરતાં હોઈએ છીએ જે સ્થિતિ થોડા સમય માટે હોય શકે છે પણ એ ડિપ્રેશન નથી જ. ભલે આપણે એમ બોલી કાઢીએ કે 'આજ હું બહુ ડિપ્રેસ છુ' પણ એ ઉદાસીની એક માનસિક સ્થિતિ છે અને કામચલાઉ હોય શકે છે પણ જ્યારે આપણે 'હોપલેસ' ફિલ કરવા માંડીએ ત્યારે એ ડિપ્રેશનની શરૂઆત ગણી શકાય. શુશાંતે આમ કર્યું હોત કે શુશાંતે તેમ કર્યું હોત તે કહેવું આસાન છે પણ ડિપ્રેસ વ્યક્તિની માનસિક સ્થિતિ જ એવી બની ગઈ હોય છે કે જેમ જેમ એ એમાથી બહાર નિકળવાનું વિચારે એમ એમ કાલ્પનિક ભય અને એકાંતનું આદી થઈ ગયેલું દિમાગ એને એમ કરતાં રોકે છે. એ ખુદ જ સવાલો પૂછે અને ખુદ જ જવાબો આપતો થઈ જાય છે અને કરુણતા એ છે કે મોટાભાગના જવાબો સ્વાભાવિક રીતે એની મનોસ્થિતિ મુજબ નકારાત્મક જ આવવાના.

કરુણતા એ છે કે આપણે ત્યાં ડિપ્રેશન અને ડિપ્રેસ વ્યક્તિને જરૂરી હુંફ ઓછી મળે છે. એવા વ્યક્તિની વાત શાંતિથી સાંભળી બનતી મદદ કરવી એવી ઘટનાઓ ઓછી બને છે કેમકે આપણે ડિપ્રેશનને એક રોગ તરીકે લઈએ છીએ જ્યારે હકીકતમાં એ એક માનસિક સ્થિતિ છે કે જેનો ઉપાય અને ઈલાજ ભોગ બનનાર પાસે તો ના હોય પણ સાંભળનાર પાસે હોય શકે છે. ભોગ બનનારની નકારાત્મક માનસિકતાને જો તમે થોડા ઘણા અંશે પણ હકારાત્મકતામાં પલટી શકો તો પરિણામ બદલી શકે છે. તકલીફ એ છે કે માણસ ડિપ્રેશનમાં છે એ ઓળખાઈ તો જાય છે પણ પ્રેમ-કુટુંબ કે કેરિયરની એની સમસ્યા પોતીકી ગણીને એનો ઉકેલ શોધવાની કોશિશ ઓછી થાય છે અને એવામાં ડિપ્રેસ ઈન્સાનની નકારાત્મક સોચ વધુને વધુ વધતી જાય છે. ગ્રૂપમાં રહો, વાતચીત કરતાં રહો, મસ્તીથી જીવો, ગમતું કામ કરો, ગમતા લોકો સાથે હળોમળો, વ્યસ્ત રહો આવા અનેકો ઉપાયો ડિપ્રેશનને દૂર કરવા માટે છે જે પણ મુદ્દો એ છે કે ડિપ્રેસ વ્યક્તિને આ બધુ કરવા માટે પ્રોત્સાહિત કરવો એ પણ એક ઈલાજ જ છે. શુશાંત કે દિપીકા જ શું કામ આ તો સર્વવ્યાપી તકલીફ છે. સામાન્ય લોકો આના શિકાર બનતા જ રહે છે. જેટલું અગત્યનું છે તમારા ડિપ્રેશન વિષે કોઈ સાથે વાત કરવાનું એટલું જ અગત્યનું છે આવી વાત કરનાર સાથે સહાનુભૂતિથી વર્તન કરીને શક્ય હોય એટલું એના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં મદદરૂપ થવાનું, એની નિષ્ફળતાને કે કાલ્પનિક ભય ને ભૂલવામાં મદદ કરીને કોઈ બીજા ગોલ - પ્રવૃતિ-પોઝિટિવિટી શોધવાનું.... આવું થઈ શકે તો બની શકે કે એનાથી કોઈ શુશાંત બચી જાય...!